# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ જૈનોની વસતિ ઓછી થઈ રહી છે ○

○ લેખક ○

**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# જૈનોની વસ્તિ ઓછી થઇ રહી છે

જૈન સંઘમાં સંપ્રતિ મહારાજાના સમયમાં ૪૦ કરોડ જૈનો હતાં. આજે ચારેય ફિરકાના થઇને ૧ કરોડથી ઓછા છે. આમ જ જો ચાલશે તો આપણે દિવસે દિવસે ઓછા થઇ જઇશું. આજે લગભગ Family માં ૧-૨ બાળકોથી વધારે હોતા નથી અને કોઇને તો એક પણ બાળક હોતો નથી. આમ દિન-પ્રતિદિન સંખ્યા ઓછી થતી જાય છે. સંખ્યા ઓછી થતાં દેરાસર-ઉપાશ્રય-જ્ઞાનભંડારાદિ કોણ સાચવશે ???

Some of the major general causes whichque responsible for the decline of Jainism in India were

1. Lack of Royal Patronage.
2. Lack of efforts.
3. Senerity of Jainism.
4. Unintelligible Philosophy.
5. Factionalism in Jainism.
6. Spread of Buddhism.
7. Role of Hindu Preachers.

તેથી જૈનોની સંખ્યા વધે અથવા જળવાય રહે તેના ઉપાય શું હોઇ શકે તે વિચારીએ.

**૧. દત્તક બાળકો મળે તો લેવા જોઈએ :** અથવા ૧-૨ હોય તેને પોતે દત્તક બાળકો આજુબાજુ સંબંધીના હોય તો લેવા પ્રયત્ન કરવો જરૂરી લાગે છે. અનાથાશ્રમમાંથી પણ બાળક મળે તો લઇ શકાય. આમ કરવાથી તમને બાળક-બાળિકા મળશે અને સામે એક બાળકનો સારા કુટુંબમાં પ્રવેશ થશે.

**૨. ગર્ભપાત ન કરાવો :** કોઇક બહેનોને ગર્ભ રહી ગયા બાદ કોઇ અગમ્ય કારણસર ગર્ભપાત કરાવી દે છે. કોઇક બહેનો ૧ થી વધુ વાર પણ ગર્ભપાત કરાવે છે. વગર ભૂલે બાળકનું મોત સગી મા કરે તે કેમ ચાલે ? તેથી મહેરબાની કરી ગર્ભપાત કરાવવાનું બંધ રાખો. દરેક બાળક પોતાનું પુણ્ય લઇને જ આવે છે. તેથી તેને તેના પુણ્ય ઉપર જીવવા દો. બાળકને દાંત મળ્યાં છે તો ભોજન પણ મળશે. પશુ પણ પોતાના બાળકને પ્રેમથી જન્મ આપે છે અને મોટો થાય ત્યાં સુધી સારી રીતે તેનું પાલન કરે છે. શું જૈન માતા આવો ગર્ભપાતનો વિચાર કરી શકે ? હરગિજ નહિ જ. જો તમારે બાળક ન જ જોઇતું હોય તો તમારા સંબંધીઓ લેવા તૈયાર થાય તો તેઓને દત્તક આપશો તો બાળકનો વિકાસ થશે અને તમને પંચેન્દ્રિય મનુષ્યને મારવાનું પાપ નહીં લાગે. શાસ્ત્રમાં ગર્ભપાતનું પ્રાયશ્ચિત્ત બહું મોટું બતાવ્યું છે. ગર્ભપાત અંગેની પુસ્તક ખાસ વાંચવી કે ડૉક્ટરો કેવી રીતે બાળકને મારે છે.

**3. ગર્ભપાત વિરોધી ટીમ :** બહેનોની એક ટીમ હોવી જોઇએ તે ગર્ભપાત અંગેની પુષ્કળ માહિતી પુસ્તકાદિમાંથી મેળવે અને ગર્ભપાતથી થતાં નુકશાનનો અભ્યાસ કરે અને તે બહેનોની ટીમ ગર્ભપાત વિરોધી અભિયાન ચલાવી બહેનોમાં જાગૃતિ લાવે તેની મીટીંગો ગોઠવે. સંઘે સંઘે બહેનો બહેનોને સમજાવે, તેને live બતાવે કે બાળકને કેવી રીતે મારવામાં આવે છે. બહેનોને Group દ્વારા સમજાવવાથી જાગૃતિ આવતા ઘણા બહેનો ખોટા Step લેતા બંધ થશે. બાળકને જન્માદિનો ખર્ચ લઇને પોતે બીજાને દત્તક આપશે. પણ

મારવા તો નહિં જ દે. ગર્ભપાત વિરોધી ગ્રુપ બનાવવું જોઇએ કે કોને બાળક જોઇએ છે અને કોની પાસે બાળક આવી રહ્યું છે અને નથી જોઇતું. તેઓ એકબીજાને મળીને વ્યવસ્થા ગોઠવે તો વ્યવસ્થા સરકારી કાયદા અનુસાર ગોઠવાઇ શકે.

**૪. ધર્માંતર :** જૈનોની વસ્તિ ઓછી થવી તેમાં એક કારણ ધર્માંતર છે. જૈન બાળકો સ્કૂલાદિમાં ભણે તેથી જે સ્કૂલમાં ભણે તેમાં તેવા સંસ્કારો અપાય. જો ક્રિશ્ચિયન સ્કૂલમાં ભણે તો તે ક્રિશ્ચિયન બની જાય. આમ લગ્નાદિ દ્વારા પણ ધર્માંતર થાય. અમુક ધર્મવાળા ધર્માંતરનું એક આયોજન ચલાવે છે. પૈસા-ફ્લેટ-સર્વિસ આપી તેનું ધર્મ પરિવર્તન કરાવે છે. અને એકવાર ધર્મ પરિવર્તન થયા બાદ તે પાછો ફરી ન શકે તેવી પરિસ્થિતિમાં મૂકી દે છે. જો દરેક એરિયામાં જૈન સ્કૂલો ઉભી થાય તો ધર્માંતર થતું બંધ થાય. પણ જૈનો આ કાર્ય માટે આગળ આવતા નથી. પણ જો આજે સ્કૂલ ઉભી કરવાનું Step નહિ લેવાય તો ઘણાં બાળકો ધર્માંતર કદાચ શરીરથી નહિ કરે પણ મનથી જરૂર કરી લેશે. તે ઘરમાં રહેશે પણ ધર્મથી વિમુખ વર્તન રહેશે. આવું ધર્માંતરનું કાર્ય અટકાવવું ખાસ ખાસ અનિવાર્ય છે.

આવા અન્ય ઘણા રસ્તા ઘરની વસ્તિને અટકાવવાના છે. તે તમારે વિચારવાના છે.